# સ્ત્રી એ જીવતી વાર્તા છે, સહજ રીતે પરિવર્તન સ્વીકારે છે

## મહિલાઓ દ્વારા સંવાદના માધ્યમથી મહિલાઓને નવી દિશા માટેના પ્લેટફોર્મ : ઉદ્‌ગમ સંવાદ'નો પ્રારંભ

## ભૂમિકા ત્રિવેદી ઉદ્યમી ઈલાબેન જોશીએ પડકારો સ્વીકારી જીવન જીવવા મહિલાઓને અભિપ્રેરીત કર્યાં

ગાંધીનગર, તા. ૨૨

ઉદગમ ટ્રસ્ટ સતત સામાજિક ઉત્થાન માટે કાર્યરત છે. ઉદગમ વંચિત બાળકોને શાળાકીય શિક્ષણ પૂરું કરે તે માટે સતત કાર્ય કરે છે. તેઓને શિક્ષણ માટેની જરૂરી સામગ્રી પૂરું પાડવાની સાથે જરૂરી એક્સપોઝર માટે કામ કરે છે. સાથોસાથ ભારત સરકારના સક્ષમ ભારત સ્કીમ હેઠળ ભારતની વિવિધ યુનિવર્સીટીના યુવાનો સાથે ગ્રામવિકાસનાં કાર્ય કરે છે. મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે દસ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદગમ વુમન્સ એચીર્વસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. ઉદગમ વુમન્સ એચીર્વસ એવોર્ડથી અનુભવથી મહિલાઓના સંઘર્ષ અને સફળતાની વાત વડે સમાજમાં પ્રેરણા આપી હકારાત્મક પૂરું પાડવાના ઉદેશ્યથી ઉદગમ ટ્રસ્ટ દ્વારા ઉદગમ સંવાદની શરૂઆત કરવામાં આવી છે.

ઉદગમ સંવાદ એ મહિલાઓ માટેનું પ્લેટફોર્મ છે જ્યાં મહિલાઓ સંવાદના માધ્યમથી મહિલાઓને નવી દિશા આપશે.

ઉદગમ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. મયુર જોશીએ સ્વાગત પ્રવચન આપી સંસ્થાના કાર્યોની માહિતી આપતા જણાવ્યું કે ઉદગમ વુમન્સ એચીર્વર એવોર્ડથી નારીઓના સંઘર્ષ અને સફળતાને વાત ઉપરથી ઉદગમને ઉદગમ સંવાદ શરુ કરવાની પ્રેરણા મળી છે.

ઉદગમ સંવાદના અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત 'સ્વજન' ઉપસ્થિત રહ્યા હતા. ઉદગમ સંવાદના મુખ્ય મહેમાન લેખિકા ભૂમિકા ત્રિવેદીએ જણાવ્યું હતું કે 'સ્ત્રી એ જીવતી વાર્તા છે કારણ કે એ સહજ રીતે પરિવર્તન સ્વીકારી સાયુજ્ય સાધી પોતાની રીતે જીવીને કાર્ય કરે છે.'



ઉદગમ સંવાદના વક્તા ઈલાબેન જોશીએ જીવનના પડકારો સ્વીકારી જીવવા સ્વાનુભવની વાત કરતા કહ્યું કે તેમના માતા-પિતાએ બાળપણથી જ તેઓને સ્વયંમાં વિશ્વાસ રાખીને જીવવાની આદત પાડી હતી. નાનપણથી તેમણે વાચનનો શોખ વિકસાવ્યો સાથે તેઓ બે વખત ૭૦/૧૦૦ કિમીની સાયકલ હરીફાઈમાં ગુજરાત ચેમ્પિયન બન્યા. શાળાકીય શિક્ષણ બાદ હોમસાયન્સમાં વડોદરાની એમ.એસ. યુનિવસિટીમાંથી ગ્રજ્યુએશન કર્યું. લગ્ન બાદ પતિ ડોક્ટર હોવાથી નર્સીંગ કરી પતિ ડો. પ્રકાશ જોશી સાથે ખભેખભો મિલાવીને એમની હોસ્પિટલમાં સાથે કામ કર્યું. ૫૦ વર્ષની ઉંમરે કેનેડા જઈને પેસિવ બિઝનેઝ એટલે ૩ એકરમાં રહીને ૫૦ એપાર્ટમેન્ટ ખરીદીને ભાડે આપવાનું ચાલુ કર્યું પણ નવો પડકાર ઉભો થયો હતો. કારણ કે તેમાં રહેતા ગોરા લોકો હેરાન કરતા હતા. તેમને કાઢીને ભારતીય વિદ્યાર્થોઓને રાખવાનું શરુ કર્યું, સાથોસાથ પોતાનું ભણવાનું શરુ કર્યું ત્યારે મકાન રીપેરીંગ કરવાનો કોર્સ કરીને માત્ર ૧૮૦૦ ડોલરમાં ૫૦ મકાનનું રીનોવેશન કરી અને નફા સાથે વેચી દીધું અને નવા બિઝનેસની શરુઆત કરી. તેમણે મહિલાઓને સંદેશ આપ્યો હતો કે પોતાની ખુમારી જીવો, પ્રેમ આપશો તો પ્રેમ મળશે. ઉદગમ સંવાદમાં ઉદગમ વુમન્સ વિંગના મેન્ટર આશાબેન સરવૈયાએ સર્વે મહાનુભાવો, વક્તા તથા ઉપસ્થિત સહુ સાથીઓનો આભાર માનતાં સહુને જૂન મહિનામાં નવા પ્રેરણાદાયક વ્યકિતત્વ સાથે મળવા માટે આમંત્રણ આપ્યું હતું. સમગ્ર ઉદગમ સંવાદને સફળ બનાવવા માટે અને સંચાલન ઉદગમ રૂરલ પ્રોગ્રામના સંયોજક વૈજંતી ગુપ્તેએ કર્યું હતું.

## જન્મદિને વધામણી



પદ્મિની પંઢરીનાથ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



ભવ્યા શર્મા
મો. ૯૮૨૫૬ ૯૨૬૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## ગાંધીનગરમાં 'ધરતી દિન' ઉજવાયો




ગાંધીનગર, તા. ૨૨

નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા 'વિશ્વ ધરતી દિન'ની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના સહયોગથી ધરતી માતાનું પૂજન કરવાનો અને ચિત્ર સ્પર્ધાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે જીપીસીબી પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના પર્યાવરણ ઈજનેર સૌરભભાઈ દેસાઈ, એસ આર પટેલ, પૂર્વ પીઆરઓ નરેશભાઈ ઠાકર અને નિસર્ગ સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત અતિથિઓ દ્વારા ધરતી માતાનું પૂજન કરવામાં આવ્યું હતું. એ પછી 'પૃથ્વી બચાવીએ અને પૃથ્વી પરની જીવસૃષ્ટિ બચાવીએ' વિષયે બે વિભાગમાં ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પહેલા વિભાગ - 'ગૃપ એ'માં જાહ્નવી શાહ, પ્રકૃતિ પટેલ, યશ્વી કૈલા અને સૃષ્ટિ મકવાણા અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

'ગૃપ બી'માં અનુક્રમે રાજવી શહા, મન પટેલ, વૃષ્ટિ પટેલ અને ક્રિશ પટેલ વિજેતા બન્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૫૦૦, ૩૦૦ અને ૨૦૦નું રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંયોજક હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.

## કેએસવી દ્વારા મેગા પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્લેસમેંટ સેલ દ્વારા તારીખ ૨૫ અને ૨૬ એપ્રિલ, ૨૦૧૯ દરમ્યાન Oracle India Pvt. Ltd., ગીફ્ટ સિટી, ગાંધીનગર ખાતે Programme Annalist(QA Annalist)ની જગ્યા માટે KSV યુનિવર્સિટિ, સેક્ટર-૧૫ ખાતે એક પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ રહી છે.

આ પ્લેસમેન્ટ ડ્રાઈવનાં આયોજનની જવાબદારી KSV universityનાં પ્લેસમેન્ટ ડીપાર્ટમેન્ટની સાથે બી. પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ.) દ્વારા સ્વીકારવામાં આવી છે. કમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોર્મેશન ટેકનૉલોજી ક્ષેત્રના બી.સી.એ. અને બી.એસસી.-આઈટી થયેલ ૫૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ આ ડ્રીમ કંપનીમાં નોકરી મેળવવા માટે પોતાનો પૂરતો પુરષાર્થ કરશે. કડી સર્વ વિશ્વવિધાલય પોતાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેઓના અભ્યાસથી શરુ કરી તેઓ સારી નોકરી/ધંધો મેળવી શકે તે માટે સતત પ્રયત્ન કરવા કટિબદ્ધ છે. આં યુનિવર્સીટીનાં વિદ્યાર્થીઓ સારી નોકરી મેળવી શકે તે હેતુથી યુનીવર્સીટી પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ પોતે અંગત રસ લઈ સતત માર્ગદર્શન પૂરું પાડે છે. Oracle India Pvt. Ltd. જેવી મલ્ટિનેશનલ કંપનીઓ પણ યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ મેળવવા આ યુનિવર્સીટીનો સંપર્ક કરતાં હોય છે જેનો સીધો લાભ આ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે છે. આવી મલ્ટીનેશનલ કંપનીમાં નોકરીની તક ઝડપી લેવા યુનિવર્સીટીનાં રજીસ્ટ્રાર સુર્યક્રિષ્ના મંત્રાલા અને યજમાન કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજયભાઈ એમ. શાહ દ્વારા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવવામા આવી છે.

## દસ ગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા 'લર્ન ઍન્ડ ગ્રો' વિષયે બીજો વર્કશૉપ યોજાયો




દસ ગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા 'લર્ન ઍન્ડ ગ્રો' શિર્ષક હેઠળ દ્વિતીય વર્કશૉપનું આયોજન રૉટરી ફિઝીયોથેરાપી સૅન્ટર, સૅક્ટર-૨૨ ખાતે કરવામાં આવ્યું હતું. દિવસભર ચાલેલા આ વર્કશૉપમાં મંડળના સદસ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## પુસ્તકો ભવનો વૈભવ છે

**પ્રસંગસર**
**પી એમ પરમાર**

- પુસ્તક એટલે વ્યક્તિના વિચારોનું વસિયતનામું અને દિલનો દસ્તાવેજ
- પુસ્તકો વગરનું ઘર એટલે બારીઓ વગરનું મકાન
- પુસ્તકો ભવનો વૈભવ છે.
- વસ્ત્રો જૂનાં પહેરજો, પણ પુસ્તકો નવાં ખરીદજો.
- જેમાં સૌનું હિત સમાયું છે તેનું સાહિત્ય, જે પુસ્તકોથી પ્રાપ્ત થાય છે.
- પુસ્તકાલયનો ગ્રંથપાલ એટલે સરસ્વતી મંદિરનો દ્વારપાલ.
- માનવીનાં મસ્તકોનું જ્ઞાન પુસ્તકો વાંચવાથી પ્રાપ્ત થાય છે.
- આત્મભાન, આત્મજ્ઞાન માટે પુસ્તકો શ્રેષ્ઠ સાધન છે જે સાધકોનું સાધ્ય છે.
- પુસ્તકો એવા જાગૃત દેવતાઓ છે જે વાચકોને ઈચ્છિત વરદાન પ્રદાન કરે છે.
- દોસ્તો દગો દેશે પણ પુસ્તકો ક્યારેય નહિ.
- ભેટ તરીકે પુસ્તકો સદાય ચિરંજીવી છે.
- પુસ્તક પ્રકાશક એટલે સમાજસેવક.
- સારાં પુસ્તકોનું વાચન મગજ અને હૃદયની તંદુરસ્તીનું આજીવન પ્રિમીયમ છે.
- જે પુસ્તકો વાંચતા નથી તે અભણથી કોઈ રીતે ચડિયાતા નથી.
- જેને પુસ્તકો ગમે છે તે સૌને ગમે છે.
- જ્યાં રામાયણ વંચાય છે ત્યાં મહાભારત નથી થતું.
- શાણા માણસો પોતાનું જીવન અને પુસ્તકો બંને એકસાથે વાંચે છે.
- ભેટ આપવા માટે આજે પુસ્તકોથી ચડિયાતું કશું જ નથી.
- શ્રીમદ્ ભગવદ્‌ગીતા એ તો આચરણનું શુદ્ધ વ્યાકરણ છે.
- પુસ્તકો વિશ્વના બધા દેશોની સાંસ્કૃતિક વિરાસત છે.
- જેની પાસે સાહિત્યની મિરાત છે એ ક્યારેય ગરીબ નથી.
- કેટલાંક પુસ્તકો તો કાયમ ઓશીકા પાસે મૂકી રાખવાં ગમે એટલાં સુંદર હોય છે.
- કસરત શરીરનો વ્યાયામ છે, પુસ્તકો મનનો વ્યાયામ છે.
- એક મનગમતું પુસ્તક આખી લાઈબ્રેરીની શોભા વધારી દે છે.
- નરકને પણ સ્વર્ગ બનાવવાની તાકાત પુસ્તકોમાં છે.
- વેદ-ઉપનિષદ અને ગીતા એ તો ગંગા-યમુના-સરસ્વતીનો ત્રિવેણી સંગમ છે.
- સંસ્કારી પુરુષો મળે ત્યારે પહેલો પ્રશ્ન એ પૂછ છે, અત્યારે તમે શું વાંચો છો ?
- પુસ્તક પ્રકાશિત થાય ત્યારે લેખકના ઘરમાં પુત્રજન્મ જેટલો આનંદ હોય છે.
- પુસ્તકો એટલે સંસારસાગરની દીવાદાંડી.
- સારાં પુસ્તકો સારા વિચારોનું શ્રેષ્ઠ કારખાનું છે.




## જે ઍમ ચૌધરી સાર્વ. વિદ્યાલય ખાતે સ્ટાફનું પરિવારજનો સહિત સ્નેહમિલન



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭, ગાંધીનગર ખાતે શાળાના સ્ટાફનું તેમના પરિવારજનો સાથેનું સ્નેહમિલન સંસ્થાના વડા હરિભાઈ ચૌધરીની રાહબરી હેઠળ યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગીત ખુરશી, રસ્સાખેંચ, લીંબુ ચમચી, લોટમાંથી ચૉકલેટ શોધવી વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા ખેલાડીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## ૧૫.૧૯ લાખ વિદ્યાર્થીઓ પાંચમીએ 'નીટ' આપશે

ગાંધીનગર, તા. ૨૨

મેડિકલ-ડેન્ટલમા પ્રવેશ માટે તા.૫મી મેના રોજ નીટ લેવાશે. આ વર્ષે નીટમાં ૧૫.૧૯ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ગત વર્ષે ૧૩.૨૮ લાખ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. એટલે કે ગતવર્ષની સરખામણીમાં ૧૪ ટકા જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે. જેના કારણે મેડિકલમાં પ્રવેશ માટેનું કટ ઓફ પણ ઊંચુ જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

નીટ માટે મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ૨ લાખ ૧૯ હજાર જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગુજરાતમાંથી અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓ નીટમાં ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. મહત્વની વાત એ કે ગુજરાત બોર્ડમાં બી ગ્રૂપમાં માત્ર ૭૪ હજાર વિદ્યાર્થીએ પરીક્ષા આપી છે. પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓ પાસ થતા નથી. આ ઉપરાંત પાસ થનારા તમામ વિદ્યાર્થીઓ પણ મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે પ્રયાસ કરતાં નથી. ગુજરાતની સેન્ટ્રલ બોર્ડની સ્કૂલોમાંથી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પણ નીટ માટે રજિસ્ટ્રેશન કરે છે. આ સ્થિતિમાં ૭૫ હજાર વિદ્યાર્થી નીટ આપશે. ગુજરાત બોર્ડના પણ ગત વર્ષની સરખામણીમાં અંદાજે ૧૨ હજાર વધારે વિદ્યાર્થીઓ નોંધાયા છે.

## દેશના ભાગ્યવિધાતા બનીએ આજે અચૂક મતદાન કરીએ

આપનો મત એક અસરકારક શસ્ત્ર છે,
એક શક્તિશાળી હથિયાર છે.
મતદાન શા માટે ?
લોકશાહીની મજબૂતી માટે
લોકશાહી વિચારધારા માટે
બંધારણના સંવર્ધન માટે
રાષ્ટ્રની એકતા અને અખંડતા માટે
રાષ્ટ્રના નવસર્જન કે નવનિર્માણ માટે
રાષ્ટ્રના વિકાસ-પ્રગતિ માટે
રાષ્ટ્રના ઉજ્જવળ ભાવિ માટે
નેશન ફર્સ્ટની વિભાવના માટે
લોકશાહીમાં મતદાન એ એક રાષ્ટ્રીય કર્તવ્ય છે.
લોકશાહીજન્ય હક કે અધિકાર છે.
નાગરિક તરીકેની જવાબદારી છે.
મતદાન એક અમૂલ્ય અવસર છે,
મતદાનના દિવસે પ્રમાદ કે આળસ છોડીને
દેશના ભાગ્યવિધાતા બનીએ.
પસંદગીના ઉમેદવારને મત આપીએ.
સજોડે-સપરિવાર અચૂક મતદાન કરીએ.

- ડી. ડી. કાતરિયા

## ગાંધીજીનો વિનોદ

॥ છઠ્ઠો મણકો ॥

**૯ - મિનિસ્ટર થવું છે ?**

ઈસ ૧૯૩૭ની ચૂંટણીમાં પહેલી જ વાર કોંગ્રેસે સત્તાવાર ભાગ લીધો અને બહુમતીથી ધારાસભાઓ કબજે કરી. પણ હોદ્દા સ્વીકારવા કે નહીં એ પ્રશ્ન પર મોટી મડાગાંઠ ઊભી થઈ. કોંગ્રેસમાં પણ આ પ્રશ્ન પરત્વે બે ભાગલા પડી ગયા હતા.

એ ગાળામાં ગાંધીજી મદ્રાસ જઈ રહ્યા હતા. દરેક સ્ટેશને મોટી માનવમેદની તેમનાં દર્શનાર્થે ભેગી થતી હતી. પત્રકારો પણ તેમાં હોય જ. બેઝવાડા સ્ટેશને ગાડી પહોંચી ત્યારે મહામુસીબતે ટોળામાંથી માર્ગ કરતો એક પત્રકાર ગાંધીજી પાસે આવી પહોંચ્યો. તેણે પ્રશ્ન કર્યો, 'બાપુજી, કોંગ્રેસ હોદ્દાનો સ્વીકાર કરશે ?'

દેશના સળગતા પ્રશ્ન પર ગાંધીજીનો અભિપ્રાય માગ્યો હતો. ગાંધીજી કંઈપણ બોલે તેને દેશપરદેશમાં ભારે પ્રસિદ્ધિ મળે એવો એ પ્રશ્ન. પોતે મૌન સેવે તો તેનો પણ અમુક અર્થ ઘટાવી શકાય.

એ પરિસ્થિતિમાંથી બચવા ગાંધીજીએ તરત સામો પ્રશ્ન કર્યો,

'કેમ ? તમારે મિનિસ્ટર થવું છે ?'

આવો અણધારેલો સામો સવાલ સાંભળી પત્રકાર મુંઝાઈ ગયો. આથી આસપાસ ઊભેલા હસી પડ્યા, પત્રકાર મુંઝાઈને ટોળામાં અદશ્ય થઈ ગયો.

**૧૦ - બિશપનો ધંધો જતો રહેશે**

ગોળમેજી પરિષદ વેળા ગાંધીજી લંડનમાં રહેતા હતા ત્યારે એક બિશપ તેમને મળવા આવ્યા. 'વિજ્ઞાન અને યંત્ર' એ વિષય પર બિશપ ગાંધીજી સાથે ચર્ચામાં ઊતર્યા.

બિશપની એવી માન્યતા હતી કે યંત્રોથી માનવજાતની ખૂબ સેવા થાય છે. પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતાં તે બોલ્યા કે મનુષ્યને શારીરિક વૈતરામાંથી છોડાવવો જોઈએ, જેથી તે મોટાભાગનો સમય પોતાના બૌદ્ધિક વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ગાળી શકે.

ગાંધીજી : સાધારણ માણસ પોતાની નવરાશનો બધો વખત સારી રીતે ગાળશે એવો મને વિશ્વાસ નથી. 'નવરો નખ્ખોદ વાળે' એ કહેવત ઘણી સાચી લાગે છે.

બિશપ : હું રોજ એક કલાકથી વધારે શારીરિક શ્રમ કરતો નથી. મારો બાકીનો સમય હું બૌદ્ધિક કામને આપું છું.

ગાંધીજી (હસતાં-હસતાં) : પણ જો બધા બિશપ બને તો બિશપનો ધંધો જતો રહેશે.

**૧૧ - આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે**

દીનબંધુ એન્ડ્રુઝ અને ગાંધીજી વચ્ચે ગાઢ મૈત્રી હતી. ગાંધીજીના સંપર્કથી દીનબંધુએ ખાદી પણ અપનાવી હતી. એકવાર તે સેવાગ્રામમાં ગાંધીજીને મળવા આવ્યા ત્યારે લાંબી કફની અને કાળા રંગના પહોળા પટાની કિનારવાળું ધોતિયું પહેરીને આવ્યા હતા. મોટરમાંથી ઊતરતાં જ તેમની ધોતી તરફ સૌની નજર ગઈ. કોઈ સ્ત્રીની સાડીનો ધોતી તરીકે ઉપયોગ કર્યો હોય એવું લાગતું હતું. તેથી એક આશ્રમવાસીએ ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું કે સ્ત્રીઓ પહેરે તેવા વસ્ત્રની ધોતી કેમ દીનબંધુએ પસંદ કરી હશે ? આ વાત ચાલી રહી હતી તેટલામાં જ દીનબંધુ ગાંધીજી પાસે ાવી પહોંચ્યા. તેમની ધોતી જોઈ ગાંધીજીને પણ રમૂજ પડી. તેમને આવકાર આપતાં ગાંધીજી બોલ્યા,

અરે ચાર્લી ! આવો વેશ તમે કેમ પહેર્યો ?

દીનબંધુ : કેમ શું થયું ?

ગાંધીજી : અરે થાય શું ? રામનારાયણ કહે છે કે આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે.

ગાંધીજીના વિનોદનો રસિક ઉત્તર આપતાં દીનબંધુ બોલી ઉઠ્યા, મારે પણ મારા મોહનની પાસે આવવું હતું ને ?

સેવાગ્રામમાં ગાંધીજીની કુટિરમાં બંને વૃદ્ધોના અટ્ટહાસ્યથી વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરી રહી.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર